Signature of Invigilators

1. ..................................

2. ..................................

# GUJARATI
## Paper - II
## ગુજરાતી પેપર - II

Roll No. ☐☐☐☐☐
(In figures as in Admit Card)

Roll No. ..................................

..................................
(in words)

**JY–06/06**

Name of the Areas/Section (if any)...............

**Time Allowed : 75 Minutes]** **[Maximum Marks : 100**

---

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **fifty (50)** multiple choice type questions. **All questions** are compulsory.
3. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter should entirely be contained within the corresponding square.

   Correct method **[A]** Wrong method **[A** OR **[A]**
4. Your responses to the items for this paper are to be indicated on the ICR Answer Sheet under Paper II only.
5. Read instructions given inside carefully.
6. Extra sheet is attached at the end of the booklet for rough work.
7. You should return the test booklet to the invigilator at the end of paper and should not carry any paper with you outside the examination hall.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

૧. આ પાનાની ટોચમાં દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.

૨. આ પ્રશ્નપત્રમાં કુલ **પચાસ (૫૦)** બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા પ્રશ્નો આપેલા છે. **બધા જ** પ્રશ્નો ફરજિયાત છે.

૩. પ્રત્યેક પ્રશ્ન વધુમાં વધુ ચાર બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવે છે. જે (A), (B), (C) and (D). વડે દર્શાવવામાં આવ્યા છે. પ્રશ્નનો ઉત્તર કેપીટલ સંજ્ઞા વડે આપવાનો રહેશે. ઉત્તરની સંજ્ઞા આપેલ ખાનામાં બરાબર સમાઈ જાય તે રીતે લખવાની રહેશે.

   ખરી રીત : **[A]** ખોટી રીત : **[A** , **[A]**

૪. આ પ્રશ્નપત્રના જવાબ આપેલ ICR Answer Sheet ના Paper II વિભાગની નીચે આપેલ ખાનાંઓમાં આપવાના રહેશે.

૫. અંદર આપેલ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચો.

૬. આ બુકલેટની પાછળ આપેલું પાનું રફ કામ માટે છે.

૭. પરીક્ષા સમય પૂરો થઈ ગયા પછી આ બુકલેટ જે તે નિરીક્ષકને સોંપી દેવી. કોઈપણ કાગળ પરીક્ષા ખંડની બહાર લઈ જવો નહીં.

# GUJARATI
## Paper - II
## ગુજરાતી પેપર - II

**NOTE :** This paper contains **Fifty (50)** multiple-choice questions, each question carrying **Two (2)** marks. Mark the correct response in the answer-sheet. All questions are compulsory.

નોંધ : આ પ્રશ્નપત્રમાં પચાસ (૫૦) બહુવિકલ્પ પ્રશ્નો છે. દરેક પ્રશ્નના બે (૨) ગુણ છે. બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજયાત છે.

1. 'સુડાબહોતેરી'નો કર્તા કોણ છે ?
   (A) જયશેખર સૂરિ (B) ગણપતિ
   (C) શામળ (D) અસાઈત

2. 'મિથ્યાભિમાન'ના કર્તા કોણ છે ?
   (A) દલપતરામ (B) મનસુખરામ
   (C) ગોવર્ધનરામ (D) નવલરામ

3. ન તાળાબંધ દર્વાજા, પોર્ટરોની ન ધાડ છે, બગીચાના ફુવારા ના, ઝૂકતાં કે ન ઝાડ છે.
   (A) શિખરિણી (B) અનુષ્ટુપ
   (C) મનહર (D) પૃથ્વી

4. 'ફાર્બસવિરહ'કયા પ્રકારનું કાવ્ય છે ?
   (A) સોનેટ (B) ગઝલ
   (C) ખંડકાવ્ય (D) કરુણપ્રશસ્તિ

5. 'કાકબલિ' ક્યો સમાસ છે ?
   (A) સંપ્રદાન તત્પુરુષ (B) બહુવ્રીહિ
   (C) દ્વંદ્વ (D) કર્મધારાય

6. મા તે મા - ક્યો અલંકાર છે

(A) અર્થાન્તરન્યાસ
(B) ઉપમા
(C) અનન્વય
(D) રૂપક

7. ટી. એસ. એલિયટની કૃતિનું શીર્ષક છે -

(A) 'ધ વેસ્ટલેન્ડ'
(B) 'એનસિયન્ટ મેરિનર'
(C) 'લીવ્સ ઑફ ગ્રાસ'
(D) 'લંડન'

8. આધુનિકયુગના સર્જક છે.

(A) મનસુખલાલ ઝવેરી
(B) રમણભાઈ નીલકંઠ
(C) લાભશંકર ઠાકર
(D) નવલરામ

9. 'પદ્યરચનાની ઐતિહાસિક આલોચના'ના લેખક છે -

(A) રા. વિ. પાઠક
(B) કેશવ હર્ષદ ધ્રુવ
(C) વિષ્ણુપ્રસાદ ત્રિવેદી
(D) ચિમનલાલ ત્રિવેદી

10. 'વાસ્તવવાદી નવલકથાકાર'ગણાયા છે -

(A) વિલિયમ સ્કોટ
(B) વોલ્ટર પેટર
(C) ટોલસ્ટોય
(D) બાલ્ઝાક

11. 'આવી જોઈ દયિત ઉચરો લોચને કોણ જેવો' પંક્તિના કવિ કોણ છે ?

(A) બ. ક. ઠાકોર
(B) કાન્ત
(C) ઉશનસ્
(D) બાલમુકુન્દ દવે

12. 'ચલ મન મુંબઈ નગરી, જોવા પુચ્છ વિનાની મગરી' પંક્તિના કવિ છે ?

(A) સુરેશ દલાલ
(B) નિરંજન ભગત
(C) બિપીન પરીખ
(D) હિતેન આનંદપરા

13. 'સત્યકામ' કઈ નવલકથાનું પાત્ર છે ?

(A) 'દીપનિર્વાણ'
(B) 'કુરુક્ષેત્ર'
(C) 'દિવ્યચક્ષુ'
(D) 'ઝેર તો પીધાં છે જાણી જાણી'

14. 'સ્નેહમુદ્રા'ના કવિ છે -

(A) ગોવર્ધનરામ ત્રિપાઠી

(B) નંદશંકર મહેતા

(C) મનઃસુખરામ ત્રિપાઠી

(D) આનંદશંકર ધ્રુવ

15. બે કવિઓ પ્રાગ્ નરસિંહયુગના છે -

(અ) શાલિભદ્રસૂરિ

(બ) પ્રેમાનંદ

(ક) શ્રીધર વ્યાસ

(ડ) વસ્તો વિશ્વંભર

(A) અ અને ડ

(B) બ અને ક

(C) અ અને ક

(D) ક અને બ

16. આ બે સંસ્કૃત કાવ્યશાસ્ત્રના ગ્રંથો છે :

(અ) પદપ્રાંજલિ

(બ) અભિનવ ભારતી

(ક) શ્રણવન્તુ

(ડ) નાટ્યશાસ્ત્ર

(A) બ અને ડ

(B) અ અને બ

(C) ક અને ડ

(D) બ અને ક

17. કયા બે ગ્રંથ આધુનિક યુગના છે ?

(અ) સંજ્ઞાન

(બ) દિગ્દર્શન

(ક) જટાયુ

(ડ) અર્વાચીન કાવ્યસાહિત્યનાં વહેણો

(A) અ અને બ

(B) બ અને ક

(C) અ અને ક

(D) ક અને ડ

18. આ બે પશ્ચિમનાં મહાકાવ્યો નથી.

(અ) ઇલિયડ

(બ) ધ ફ્લાવર્સ ઑફ ઇવિલ

(ક) પેરેડાઇઝ લોસ્ટ

(ડ) લા જયન પાર્ક

(A) અ અને બ

(B) બ અને ડ

(C) ક અને ડ

(D) અ અને ક

19. આ બે ગુજરાતી સાહિત્યની કૃતિઓ છે -

(અ) આરોગ્ય નિકેતન

(બ) કાવ્યમંગલા

(ક) બલાકા

(ડ) મૂંઝારો

(A) બ અને ડ

(B) અ અને બ

(C) બ અને ક

(D) ક અને ડ

20. આ બે સાહિત્ય કારોએ વિવેચન અને નવકલકથાક્ષેત્રે મહત્ત્વનું અર્પણ કર્યું છે.

(અ) લાભશંકર પુરોહિત (બ) કિશોર જાદવ
(ક) રાધેશ્યામ શર્મા (ડ) અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

(A) અ અને બ (B) ડ અને ક
(C) અ અને ડ (D) બ અને ક

21. આ બે આપણા જાણીતા નિબંધકારો છે -

(અ) કાકા કાલેલકર (બ) રાવજી પટેલ
(ક) ભોળાભાઈ પટેલ (ડ) હરીશ મીનાશ્રુ

(A) અ અને ડ (B) અ અને ક
(C) ક અને ડ (D) બ અને ડ

22. આ બે નોબેલ પારિતોષિક વિજેતા નથી -

(અ) શેક્સપિયર (બ) પ્રેમચંદ
(ક) આલ્બેર કામૂ (ડ) હેરોલ્ડ પ્રિન્ટર

(A) અ અને બ (B) અ અને ક
(C) બ અને ડ (D) બ અને ક

23. માહિતી : ક : 'ખેમી' વાર્તાના કર્તા દ્વિરેફ છે -
માહિતી : ખ : 'મધુમાલતીનું દુઃસ્વપ્ન' ના કર્તા સ્વૈરવિહારી નથી.

(A) ક અને બ બંને ખોટાં છે. (B) ક ખોટું છે ખ સાચું છે.
(C) ક અને ખ બન્ને સાચાં છે. (D) ક સાચું છે ખ ખોટું છે.

24. માહિતી : ક : રીતિવાદના મુખ્ય કાવ્યમીમાંસક વામન નથી -
માહિતી : ખ : 'રસગંગાધર' ના કર્તા મમ્મટ છે.

(A) બંને સાચાં છે. (B) ક ખોટું છે ખ સાચું છે.
(C) ક સાચું છે ખ ખોટું છે. (D) બન્ને ખોટાં છે.

25. માહિતી : ક : 'કરણઘેલો' રસેલની નવલકથાઓના નિદર્શન અનુસાર છે -
માહિતી : ખ : 'કરણઘેલો ' વિલિયમ સ્કોટના નિદર્શન અનુસાર નથી.

(A) ક સાચું છે બ ખોટું છે. (B) બન્ને ખોટાં છે.
(C) બન્ને સાચાં છે. (D) ક ખોટું છે બ સાચું છે.

26. બે વાક્યથી બનેલું ક્યું યુગ્મ સમ્પૂર્ણ ખોટું છે :

(A) ચન્દ્રકાન્ત બક્ષીની જાણીતી નવલિકા 'મીરા' છે. ચન્દ્રકાન્ત બક્ષીની જાણીતી નવલકથા 'આકાર' છે.

(B) 'જાતકકથા' ચન્દ્રકાન્ત બક્ષીની નવલકથા નથી. 'આકાર' મધુ રાયની રચનાના ભરન છે.

(C) '૧૩-૭ની લોકલ' ના કવિ રાજેન્દ્ર શાહ છે. 'આયુષ્યના અવશેષે' રચનાના કવિ નિરંજન ભગત છે.

(D) 'શોધ' ઉમાશંકર જોશીની રચના છે. 'માણસની વાત'ના કર્તા લાભશંકર ઠાકર છે.

27. નીચેનામાંથી ક્યું જૂથ પૂરેપૂરું સુસંગત છે ?

(A) રઘુવીર ચૌધરી, પંડિતયુગના નાટ્યકાર, નવલકથાકાર, કવિ

(B) રઘુવીર ચૌધરી, વાર્તાકાર, નાટ્યકાર, કવિ, પીએચ. ડી.

(C) રઘુવીર ચૌધરી, ગાંધીયુગના વિવેચક, આત્મકથાકાર, કવિ

(D) રઘુવીર ચૌધરી, આધુનિક નાટ્યકાર, આત્મકથાકાર, સરસ્વતી સમ્માનથી વિભૂષિત

28. નીચેનામાંથી ક્યું જૂથ પુરેપુરું સુસંગત છે ?

(A) ચેખવ, 'થ્રી સિસ્ટર્સ' ના કર્તા, 'ક્રાઈમ એન્ડ પનિશમેન્ટ' ના કર્તા

(B) ચેખવ, 'શાકુન્તલ' ના અનુવાદક, સામ્યવાદી

(C) ચેખવ, રશિયન વાર્તાકાર, નાટ્યકાર

(D) ચેખવ, ૧૫મી સદીના ફ્રેંચ કવિ, આત્મથાકાર

29. નીચેનામાંથી ક્યું જૂથ પુરેપૂર્ં અસંગત છે ?

(A) રાધેશ્યામ શર્મા પંડિતયુગના વિવેચક, 'કલ્પો કે કલ્પનામરી પરવારી છે'

(B) રાધેશ્યામ શર્મા 'બિચારાં' , 'સ્વપ્નતીર્થ' 'વાચના'

(C) રાધેશ્યામ શર્મા 'ફેરો' , 'કાવ્યસંકેત' 'સાક્ષરને સાક્ષાત્મકાર'

(D) રાધેશ્યામ શર્મા કવિ, 'વિવેચક', કાવ્ય-આસ્વાદક

30. નીચેનામાંથી ક્યું જૂથ પુરેપૂરું અસંગત છે ?

(A) પ્રેમચંદ, હિન્દી, સાહિત્યકાર, મુખ્ય મંત્રી

(B) પ્રેમચંદ, 'ગોરા, 'નદી કે દ્વીપ'

(C) પ્રેમચંદ, 'ગોદાન, 'કફન'

(D) પ્રેમચંદ, વાસ્તવવાદી નવલકથાકાર, 'નિર્મલા'

31. બંને યાદીઓની વિગતો સરખાવી સાચું જોડકું જણાવોઃ

| | યાદી - ૧ | | યાદી - ૨ |
|---|---|---|---|
| અ. | ર૧. વિ. પાઠક | ૧. | 'દ્વિરેફ' |
| બ. | 'પ્રણયત્રિકોણ' | ૨. | નિબંધકાર |
| ક. | 'ખેમી' | ૩. | ગાંધીયુગના વિવેચક |
| ડ. | 'સ્વૈરવિહારી' | ૪. | 'શેષ' |

| | અ | બ | ક | ડ |
|---|---|---|---|---|
| (A) | ૧ | ૨ | ૩ | ૪ |
| (B) | ૨ | ૩ | ૧ | ૪ |
| (C) | ૩ | ૪ | ૧ | ૨ |
| (D) | ૪ | ૨ | ૧ | ૩ |

32. બંને યાદીઓની વિગતો સરખાવી સાચું જોડકું જણાવોઃ

| | યાદી - ૧ | | યાદી - ૨ |
|---|---|---|---|
| અ. | સુરેશ જોષી | ૧. | 'જનાંતિકે' |
| બ. | 'ઈતરા' | ૨. | અનુવાદક |
| ક. | નિબંધકાર | ૩. | સાહિત્યમાં આધુનિકતાના પુરસ્કર્તા |
| ડ. | 'સાહિત્યમીમાંસા' | ૪. | કવિ |

| | અ | બ | ક | ડ |
|---|---|---|---|---|
| (A) | ૧ | ૨ | ૪ | ૩ |
| (B) | ૨ | ૩ | ૧ | ૪ |
| (C) | ૩ | ૪ | ૧ | ૨ |
| (D) | ૪ | ૩ | ૨ | ૧ |

33. બંને યાદીઓની વિગતો સરખાવી સાચું જોડકું જણાવોઃ

| | યાદી - ૧ | | યાદી - ૨ |
|---|---|---|---|
| અ. | બળવંતરાય ઠાકોર | ૧. | ક.મા. મુનશી |
| બ. | 'ઘનશ્યામ' | ૨. | 'પ્રેમશૌર્ય' |
| ક. | નર્મદ | ૩. | ઉમાશંકર જોશી |
| ડ. | 'વાસુકિ' | ૪. | 'સેહની' |

| | અ | બ | ક | ડ |
|---|---|---|---|---|
| (A) | ૪ | ૧ | ૨ | ૩ |
| (B) | ૧ | ૨ | ૩ | ૪ |
| (C) | ૩ | ૪ | ૧ | ૨ |
| (D) | ૨ | ૩ | ૨ | ૧ |

34. બંને યાદીઓની વિગતો સરખાવી સાચું જોડકું જાણાવો:

| | યાદી - ૧ | | યાદી - ૨ |
|---|---|---|---|
| અ. | 'મહાભારત' | ૧. | ઉમાશંકર જોશી |
| બ. | ધર્મરાજ | ૨. | સંસ્કૃત મહાકાવ્ય |
| ક. | ૧૯મા દિવસનું પ્રભાત | ૩. | અનિરુદ્ધ |
| ડ. | ઓખા | ૪. | યુધિષ્ઠિર |

| | અ | બ | ક | ડ |
|---|---|---|---|---|
| (A) | ૧ | ૨ | ૩ | ૪ |
| (B) | ૨ | ૩ | ૪ | ૧ |
| (C) | ૩ | ૧ | ૨ | ૪ |
| (D) | ૨ | ૪ | ૧ | ૩ |

35. ગાંધીજી કોશિયો સમજે તેવું સાહિત્ય ઈચ્છતા હતા -
(A) સાહિત્ય સાથે છેવાડાનો માણસ જોડાય એમ ઈચ્છતા હતા.
(B) એમના સમયના સાહિત્યકારોનું લેખન એમને અત્યંત દુર્બોધ લાગ્યું હતું.
(C) પંડિતયુગના સાહિત્યકારોથી કંટાળી ગયા હતા.
(D) ગાંધીજી પોતે કોશિયા માટે લખી શકે એમ નહોતા.

36. સમસામયિક ગુજરાતી કવિતાક્ષેત્રે છાંદસ રચનાઓ ભાગ્યેજ લખાય છે. -
(A) સમસામયિક કવિઓનું છંદજ્ઞાન અલ્પ છે.
(B) મોટા ભાગના છંદો સંસ્કૃત ભાષાના છે.
(C) પોતાના ભાવસંવેદનને રૂપ આપવા છંદ યોગ્ય માધ્યમ લાગતું નથી.
(D) છંદમાં લખવાથી પોતે આધુનિક કવિ નહીં ગણાય.

37. સંસ્કૃત સાહિત્યકૃતિઓના અનુવાદો ઓછા થવા લાગ્યા છે -
(A) સંસ્કૃત સાહિત્યકૃતિઓનું મૂલ્ય ઘટતું જાય છે.
(B) સંસ્કૃત સાહિત્યકૃતિઓ તરફનો અનુરાગ ઓછો થતો ગયો છે.
(C) સંસ્કૃત ભાષાને વિશેની સજ્ઞતા ઓછી થવા લાગી છે.
(D) સંસ્કૃત એ દેવોની ભાષા છે.

38. ગુજરાતી પ્રજાને સાહિત્યમાં રસ નથી -
(A) ટી.વી. સિરિયલો સાહિત્યરસને પોષે છે.
(B) સાહિત્યવાચનની ટેવ અભ્યાસકાળ પછી છૂટી ગયેલી છે.
(C) સાહિત્યનાં પુસ્તકો એકદમ મોંઘાં થઈ ગયાં છે.
(D) પ્રજાને સાહિત્યમાં પોતાના પ્રશ્નોનું આલેખન જોવા મળતું નથી.

39. કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં નથી ?

(A) પદ, ગઝલ, સૉનેટ, અછાંદસ

(B) પદ, અછાંદસ, સૉનેટ, ગઝલ

(C) નરસિંહ, પ્રેમાનંદ, દયારામ

(D) દલપતરામ, રમણભાઈ નીલકંઠ, ઉમાશંકર જોશી

40. કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં નથી ?

(A) 'પોએટિક્સ' 'આઉટસાઈડર' 'વેઈટિંગ ફોર ગોદો' 'વન હંડ્રેડ યર્સ ઑફ સૉલિટ્યૂડ'

(B) 'વન હંડ્રેડ યર્સ ઑફ સૉલિટ્યૂડ' 'પોએટિક્સ' 'વેઈટિંગ ફોર ગોદો' 'આઉટસાઈડર'

(C) 'વેઈટિંગ ફોર ગોદો' 'આઉટસાઈડર' 'વન હંડ્રેડ યર્સ ઑફ સૉલિટ્યૂડ' 'પોએટિક્સ'

(D) 'પોએટિક્સ' 'વન હંડ્રેડ યર્સ ઑફ સૉલિટ્યૂડ' 'આઉટસાઈડર' 'વેઈટિંગ ફોર ગોદો'

41. કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં નથી ?

(A) 'કૌમુદી', 'સંસ્કૃતિ', 'એતદ્' 'ખેવના'

(B) 'ક્ષિતિજ', 'ઊહાપોહ', 'ગદ્યપર્વ', 'સમીપે'

(C) 'ખેવના', 'સંસ્કૃતિ', 'કૌમુદી', 'એતદ્'

(D) 'વીસમી સદી', 'પ્રસ્થાન', 'સાયુજ્ય', 'તથાપિ'

42. કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં છે ?

(A) પ્રિયકાંત મણિયાર, વીનેશ અંતાણી, હિમાંશી શેલત, બિન્દુ ભટ્ટ,

(B) બિન્દુ ભટ્ટ, વીનેશ અંતાણી, હિમાંશી શેલત, પ્રિયકાન્ત મણિયાર,

(C) હિમાંશી શેલત, પ્રિયકાન્ત મણિયાર, બિન્દુ ભટ્ટ, વીનેશ અંતાણી,

(D) વીનેશ અંતાણી, બિન્દુ ભટ્ટ, પ્રિયકાન્ત મણિયાર, હિમાંશી શેલત

43. નીચેનામાંથી કયું વાક્ય ખરું છે ?

(A) 'જ્ઞાનતંતુ' ઉપપદ સમાસ છે.

(B) 'હું', 'તું', 'તેઓ' સંજ્ઞાવાચક નામો છે.

(C) ભલાઈ, બુરાઈ, તીખાશ વિશેષણો છે.

(D) ગાય, પુષ્પ, ફળ, - જાતિવાચક નામો છે.

44. નીચેનામાંથી કયું વાક્ય ખરું છે તે જણાવોઃ-
   (A) શકુન્તલાનું મુખ ચંદ્ર છે. – અતિશયોક્તિ
   (B) શકુન્તલાનું મુખ ચંદ્ર જેવું સુંદર છે. – આ ઉપમા અલંકાર છે.
   (C) ક્યાં ચંદ્ર અને ક્યાં શકુન્તલાનું મુખ – અનન્વય અલંકાર છે.
   (D) શકુન્તલા તે શકુન્તલા - રૂપક અલંકાર

45. 'પરબ' કઈ સંસ્થાનું મુખપત્ર છે ?
   (A) ગુજરાત સાહિત્ય અકાદમી
   (B) ગુજરાત વિદ્યાપીઠ
   (C) ગુજરાત વિધાસભા
   (D) ગુજરાતી સાહિત્ય પરિષદ

46. 'કંકાવટી' સામયિકના છેલ્લા તંત્રીનું ઉપનામ છે -
   (A) 'અનિલ'
   (B) 'મલયાનિલ'
   (C) 'મીનપિયાસી'
   (D) 'માસૂમ'

નીચે આપેલા ગદ્યખંડને આધારે પૂછેલા પ્રશ્નોના ઉત્તરોમાંથી સાચા ઉત્તરનો ક્રમાંક દર્શાવો :

કલામીમાંસકો વ્યાવહારિક અનુભવમાં અને કલાનુભવમાં એક બીજો ભેદ કહે છે. વ્યવહારમાં સર્વ જ્ઞાન કાર્ય પર કે કાર્યપ્રેરક કે કાર્યપર્યવસાયી હોય છે. કલાનુભવ એવો કાર્યવસાયી નથી, તે કેવલ ચિંતનાત્મક હોય છે. આપણે ઉપર જે મુખ્ય ભેદો કહ્યા તેના પરિણામ રૂપ જ આ ભેદ છે. કાર્ય સંકલ્પમૂલક છે અને સંકલ્પની પાછળ અહંકાર રહ્યો છે, એટલે કાવ્યમાં કાવ્યબુદ્ધિ જાગ્રત રૂપે ન હોય એ સ્વાભાવિક છે, પણ આટલા ઉપરથી કેટલાક એમ કહે છે કે કાવ્ય માણસને કાર્યવિમુખ કાર્યશિથિલ બનાવે છે એ યર્થાથ નથી. કેટલાક કાવ્યોપસેવીઓ કાર્યશિથિલ હશે. પણ એમ તો બુદ્ધિમાં પણ બને છે. માણસ કરસત કરવી એમ જાણે છે છતાં નથી કરતો માટે બુદ્ધિ નકામી છે એમ કોઈ નથી કહેતું. આ દોષ ચિત્તની અવસ્થાનો છે. બગડેલા સંચામાં જેમ એક ચક્ર ફરે અને તે સાથે ફરવું જોઈએ તેમ બીજું ચક્ર ન ફરે, તેમ આ ચિત્તમાં એક ભાગની ક્રિયાથી બીજા ભાગની ક્રિયા થવી જોઈએ તે નથી થતી. પણ તે કાવ્યનો દોષ નથી, ચિત્તનો દોષ છે, વ્યક્તિનો દોષ છે, તેની કેળવણીનો દોષ છે. કાવ્યનું કામ સંસ્કાર પાડવાથી પૂરું થાય છે.

47. કલામીમાંસકો એક બીજા ભેદની વાત કરે છે -
   (A) કાર્યપર અને કાર્યપ્રેરક વચ્ચે
   (B) જાગ્રત કાવ્યબુદ્ધિ અને અજાગ્રત કાવ્યબુદ્ધિ
   (C) વ્યાવહારિક અનુભવ અને કલાનુભવ વચ્ચેનો ભેદ
   (D) ચિત્ત અને વ્યક્તિના દોષ વચ્ચે

48. કલાનુભવ કેવળ ચિન્તનાત્મક હોય છે -

(A) આ વિધાન સાચું છે.

(B) આ વિધાન ખોટું છે.

(C) આ વિધાન કાલ્પનિક છે.

(D) આ વિધાન વ્યાવહારિક નથી.

49. આ ગદ્યખંડના કર્તા છે.

(A) મીમાંસક

(B) કાવ્યમીમાંસક

(C) વ્યવહાર-અનુભવી

(D) બુદ્ધિશાળી

50. આ ગદ્યખંડનું શીર્ષક આપી શકાય -

(A) બગડેલા સંચામાં ચક્ર

(B) કાવ્ય-કેળવણી

(C) સમાજહિત-ચિન્તા

(D) કલાનુભવની વિશેષતા

---

# ROUGH WORK

# ROUGH WORK